# એક્સીડન્ટ કરી, છરી બતાવી, લુંટફાટ કરતી ગેંગને ઝડપતી, સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ.

આગામી દિવાળીનો પર્વ આવતો હોય તે અનુસંધાને બનતા ચોરી લુંટફાટના ગુન્હા બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાન્ચની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં ડી.સી.બી. પોલીસ માણસો અ.હે.કો. પરેશ ધિરજલાલ પટેલ તથા અ.હે.કો. પ્રતાપસિંહ ભીમબહાદુર પુનનાઓને સંયુક્ત રીતે મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) પ્રજ્ઞેશ ઉર્ફે કાનો S/O દિનેશભાઇ સોલંકી ઉ.વ.૨૬ રહેવાસી-મોદી સ્ટ્રીટ, સોનીના મકાનમાં, નવાગામ ડીંડોલી, સી.એન.જી.પંપ પાસે, સુરત(૨) મેહુલ S/O ચંપકભાઇ સોલંકી ઉ.વ.૨૮, રહે. બિલ્ડીંગ નં.એ/૩, રૂમ નં.૩૦૪, આંબેડકર આવાસ, નવાગામ, ડીંડોલી, સુરત (૩) રાજુભાઇ ઉર્ફે બેરો S/O મણીલાલભાઇ ગામીત ઉ.વ.૩૫, રહે. ૬, હળપતિવાસ, નવાગામ, ડીંડોલી, સુરતવાળાઓને લુંટ તથા ચિલઝડપ કરેલા ચોરીના મોબાઇલ ફોન ૦૨ કિંમત `. ૧૮,૦૦૦/- તથા લુંટ કરેલા રોકડા `. ૧૦૦૪૦/- તથા બ્લ્યુ કલરનું હોન્ડા એક્ટીવા નં. GJ-26-M-7501 કિંમત `.૩૫,૦૦૦/- મળી કુલ્લે `.૬૩,૦૪૦/- ના મત્તાના સાથે પકડી નીચે મુજબના ગુન્હાઓ વણશોધાયેલ હોય જે શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીઓના શોધી કાઢવામાં આવેલ ગુનાઓ:- (૧) ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૩૬૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૪ મુજબ (૨) સલાબતપુરા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૨૯૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)૧ મુજબ (૩) લીંબાયત પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૩૪૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબ.

આરોપીઓની એમ.ઓ. :- મોટર સાયકલ / મોપેડ પર જતા માણસો સાથે એક્સીડન્ટ કરેલાનું જણાવી છરી બતાવી ઝઘડો કરી મોબાઇલ ફોન તથા રોકડા રૂપિયા કઢાવી લેવાની ટેવવાળા.

આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ:- મેહુલ S/O ચંપકભાઇ સોલંકીનાઓ અગાઉ (૧) ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૩૬/૨૦૧૩ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ (૨) ડીંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૯/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ (૩) કતારગામ ફસ્ટ ગુ.ર.નં. ૨૫૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૬૫, ૧૧૪ મુજબ તથા પ્રજ્ઞેશ ઉર્ફે કાનો તથા રાજુ ઉર્ફે બેરોનાઓ પ્રોહી. ગુનામાં સંડોવાયેલાનું જણાવે છે.